# Eighth India-Armenia IGC Meeting at Yerevan
# July 04,2022

## યેરેવાનમાં આઠમી ભારત-આર્મેનિયાની આંતર-સરકારી કમિશન (IGC) ની મીટિંગ

જુલાઈ 04, 2022

વ્યાપાર, આર્થિક, વૈજ્ઞાનિક અને તકનીકી, સાંસ્કૃતિક અને શૈક્ષણિક સહકાર પર ભારત-આર્મેનિયાની આંતર-સરકારી કમિશનનું 8મું સત્ર 04 જુલાઈ 2022 નાં રોજ યેરેવાનમાં યોજવામાં આવ્યું હતું. આર્મેનિયાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી અરારત મિર્ઝોયાને આર્મેનિયન પ્રતિનિધિ મંડળની આગેવાની કરી હતી. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા દ્વારા કરવામાં આવી હતી. 7મી IGC એપ્રિલ 2016 માં યોજાઈ હતી. IGC પરામર્શો પૂર્વે, વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) ને ખાનગી બેઠક માટે આર્મેનિયાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન અરારત મિર્ઝોયાન દ્વારા આવકારવામાં આવ્યા હતા.

IGC પર, બન્ને પક્ષોએ ચર્ચા કરી હતી અને વ્યાપાર, રોકાણ, આરોગ્ય, પ્રવાસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંસ્કૃતિ, કનેક્ટિવિટી, ઈન્ફર્મેશન ટેકનોલોજી, કૃષિ, ફિનટેક અને શિક્ષણ જેવા વૈવિધ્યતાપૂર્ણ ક્ષેત્રોમાં સહકારની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. ભારત અને આર્મોનિયાએ ભારત તરફથી નાણાકીય અને તકનીકી સહાયતા સાથેની આર્મેનિયામાં ઉચ્ચ અસર ધરાવતી સમુદાય વિકાસ પરિયોજનાઓ પર એમઓયુ  પર હસ્તાક્ષર પણ કર્યા હતા.

વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) આર્મેનિયાનાં ઉપ વડાપ્રધાન મહામહિમ શ્રીમાન હમ્બાર્ડઝુમ માટેવોસ્યાનને પણ મળ્યા હતા. વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) દ્વારા મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલી અર્પણ કરી હતી. યેરેવાન સ્ટેટ મેડિકલ યુનિવર્સિટી (YSMU)  કાતે તે યુનિવર્સિટીનાં ગૃહપતિ ડૉ. આર્મેન મુરાડ્યાન સાતે બાદમાં મહાત્મા ગાંધી ઓડિટોરિયમનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) દ્વારા YSMU માં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ કરવામાં આવ્યો હતો.

**યેરેવાન, આર્મેનિયાટ**
**જુલાઈ 04, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.